# BUSINESS મિત્ર

## આગામી સપ્તાહમાં શેરબજાર બાઉન્સબેક થવાની સંભાવના

**સતત** પાંચમા સપ્તાહમાં ભારતીય શેરબજાર લાલ નિશાનમાં બંધ રહ્યુ: સેન્સેક્સ-નિફ્ટીમાં બે ટકાનો ઘટાડો નોંધાયો

**સોમવારે** ગણેશ ચતુર્થીના પગલે ભારતીય શેરબજાર બંધ રહેશે

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 12: ભારતીય શેરબજારમાં સતત પાંચમા સપ્તાહમાં લાલ નિશાનમાં બંધ રહ્યું હતું. જેમાં સેન્સેક્સ અને નિફ્ટી 2 ટકાથી વધુ ઘટયા હતા. હાલમાં બજાર ઓવરસોલ્ડ પોઝિશન ધરાવે છે. જો આગામી સપ્તાહમાં નવી કોઇ ઘટના ન બને તો શોર્ટ કવરીંગની સાથે શેરબજાર બાઉન્સબેક કરે તેવી પુરેપુરી સંભાવના જોવા મળી રહી છે. બીજી તરફ, નિફ્ટી 23000 પોઇન્ટની સપાટી તોડીને નીચે બંધ રહેશે તો બજારમાં વધુ ઘટાડો આગળ વધે તેવી પણ ભીતિ સેવાઈ રહી છે.

ઈરાન અને અમેરિકાના તણાવમાં કોઈ સારા સમાચારના અભાવની સાથે ક્રુડ ઓઇલના ભાવમાં ભડકો થતાં તેની સાથે બોન્ડ યીલ્ડમાં પણ ઉછાળો રોકાણકારોની ચિંતા વધારી હતી. ટ્રેડિંગના બીજા છ મહિનામાં બજાર નીચલા સ્તરથી રીકવર થયું હોવા છતાં સેન્સેક્સ અને નિફ્ટી સતત પાંચમા સપ્તાહમાં ઘટાડા સાથે બંધ રહ્યું હતું. આગામી સપ્તાહમાં ફેડરલ રિઝર્વની નાણાકીય નીતિની જાહેરાત થશે, જેમાં વ્યાજદર વધે છે કે નહીં તેની ઉપર રોકાણકારોની નજર રહેશે. આ ઉપરાંત, ફેડ પોલિસી બાદ ફેડ ચેરપર્સનની ટિપ્પણીઓને બજારનું ધ્યાન રહેશે. જોકે, આગામી સપ્તાહમાં મંગળવારથી ભારતીય શેરબજારમાં કામકાજ થશે. સોમવારે ગણેશ ચતુર્થીના પગલે બીએસઇ-એનએસઇ બંધ રહેશે.

સપ્તાહ દરમ્યાન સેન્સેક્સ 1733.67 પોઇન્ટ એટલે કે 2.27 ટકા ઘટીને 74781.76 પોઇન્ટ અને નિફ્ટી 499.60 પોઇન્ટ એટલે કે 2.09 ટકા ઘટીને 23398.10 પોઇન્ટ બર બંધ રહ્યા હતા. બીએસઇ મિડકેપ ઇન્ડેક્સ 1.40 ટકા અને બીએસઇ સ્મોલકેપ ઇન્ડેક્સ 0.77 ટકા ઘટ્યો હતો. આમ, સેન્સેક્સ 2.3 ટકા અને નિફ્ટી 2.1 ટકા ઘટ્યા હતા. જોકે, છેલ્લા એક મહિનાથી વધુ સમયથી બજારમાં સતત વેચવાલીનું દબાણ ચાલુ રહ્યું છે અને સેન્સેક્સ અને નિફ્ટી નીચલા સ્તરે જઇ રહ્યા છે. જેમાં બજાર ઓવરસોલ્ડ લાગી રહ્યું છે, ત્યારે બજારમાં એક પ્રત્યાઘાતી ઉછાળો આવે તેવી સંભાવના છે, પણ આ ઉછાળો ક્ષણિક રહી શકે છે. હજુય ક્રુડના ઉંચા ભાવ વિશ્વભરની અર્થવ્યવસ્થાઓ માટે ચિંતાનો વિષય બની રહ્યો છે. આ સિવાય વૈશ્વિક મેક્રો ઈકોનોમી ડેટા ઉપરાંત યુએસના સીપીઆઇ ફુગાવાના ડેટા ઉપર રોકાણકારોની નજર રહેશે.

### ફોરેક્સ બજાર

| | |
|---|---|
| ડોલર | 95.72 રૂ. |
| યુરો | 111.15 રૂ. |
| પાઉન્ડ | 129.44 રૂ. |
| યેન | 0.6214 રૂ. |

## ધરપકડ કરતાં પહેલાં તે વ્યકિતને ધરપકડનો આદેશ બજાવવો ફરજિયાત છે

### નામદાર સુપ્રિમ કોર્ટનો અગત્યનો ચૂકાદો

**કાયદાની કેડીએ...**

ઇશ્વર રૂદલાલ

GST કાયદાની કલમ 132માં કેટલાક ગુનાઓ ઠરાવીને તે કરવા બદલ ધરપકડની સજા કરવાની કડક જોગવાઇઓ કરવામાં આવી છે. તો કલમ 69 હેઠળ કોઇ વ્યકિતની ધરપકડ કરવા માટેની સત્તા કમિશ્નરને આપવામાં આવેલ છે. તો કલમ 69 હેઠળ મળેલ સત્તાને આધારે જયારે કમિશ્નરશ્રી કોઇ વ્યકિતની ધરપકડ કરવા માટે આદેશ કરે તો તે વ્યકિતની ધરપકડ કરતાં પહેલા તેની વિરૂધ્ધ પસાર કરવામાં આવેલ આદેશ તે વ્યકિતને બજાવવો ફરજિયાત છે. એવું તાજેતરમાં નામદાર સુપ્રિમકોર્ટે ફરમાવ્યું છે, ખેર! નામદર સુપ્રિમકોર્ટના યુનિયન ઓફ ઇન્ડિયા વિ. સુનિલ બિયાનીક્રિમીનલ અપીલ/2006 ના તા. 12/8/26ના ચૂકાદા તરફ એક નજર નાંખીએ તો.

**હકીકત...**

DGGT મુંબઇ દ્વારા આલ્ફાબયોન અને ગ્રુપ કંપનીઓ દ્વારા ખોટી ઇન્પૂટ ટેક્ષ ક્રેડિટ માંગવાના અને માલ કે સેવાની સપ્લાય કર્યા વગર તેને તબદીલ કરવા બાબતની તપાસ કરવામાં આવેલ અને તપાસ દરમ્યાન ખાતા દ્વારા ત્રણ સમન્સ બજાવવામાં આવેલ આ સમન્સને અનુસંધાને હાજર થવાને બદલે, પ્રતિવાદી દ્વારા આગોતરા જામીન મેળવવા સેશન્સ કોર્ટ સમક્ષ અરજી દાખલ કરવામાં આી, જે તા. 14-10-25ના રોજ નામંજૂર તા ના. બોમ્બે હાઇકોર્ટ સમક્ષ આગોતરા જામીન માટે અરજી કરવામાં આવી. તો. સુનાવણી સમયે ખાતા તરફથી રજૂઆત કરવામાં આવી કે આ કેસમાં તપાસ ચાલુ છે અને કલમ 69 હેઠળ કોઇ આદેશ પસાર કરવામાં આવ્યો નથી. આથી ના.હાઇકોર્ટે ઠરાવ્યું કે જયારે વ્યકિતની ધરપકડનો આદેશ પસાર કરવામાં આવ્યો નથી ત્યારે આગોતરા જામીનની અરજી સ્વીકારી શકાય નહીં. આમ છતાં હાઇકોર્ટે આદેશ કર્યો કે આદેશની જાણ કરવામાં આવે ત્યારથી એક અઠવાડિયા સુધી તે વ્યકિતની ધરપકડ ન કરવામાં આવે, જે આદેશને ખાતા તરફથી ના.સુપ્રિમકોર્ટ સમક્ષ અપીલ કરી પડકારવામાં આવ્યો.

**દલીલ...**

વેપારીના વિધ્વાન સિનિયર કાઉન્સેલે દલીલ કરતા જણાવ્યું કે કલમ 69માં એવી કોઇ સ્પષ્ટ જોગવાઇ ન હોવા છતાં કુદરતી ન્યાયના સિધ્ધાંતનું પાલન કરવા અને વહિવટી કાર્યવાહીની નિષ્પક્ષતા માટે જરૂરી છે કે કોઇ પણ વ્યકિતની ધરપકડ થાય તે પહેલાં કલમ 69 હેઠળ પસાર કરવામાં આવેલ આદેશ તે વ્યકિતને બજાવવામાં આવે. કલમ 69 હેઠળનો આદેશ ન મળે ત્યાં સુધી તે વ્યકિત આગોતરા જામીન માટે અરજી ન કરી શકે.

**ચૂકાદો...**

ના.સુપ્રિમકોર્ટે પોતાના અગાઉના ચૂકાદાને આધારે ઠરાવ્યું કે ના.બોમ્બે હાઇકોર્ટે વચગાળાની રાહત આપી શકે નહીં એમ જણાવી વચગાળાની રાહત ના. સુપ્રિમકોર્ટે રદ બાતલ કરેલ છે. તો...

નામદાર કોર્ટે ચૂકાદો આપતા જણાવ્યું કે વિધ્વાન કાઉન્સેલની દલીલ સ્વીકારવા પાત્ર છે. તેમના મતે આગોતરા જામીન મેળવવા માટે કલમ 69 હેઠળનો ધરપકડનો આદેશ આવશ્યક છે. કોઇ પણ વ્યકિતને તે નિર્દોષ હોવાના અનુમાનનો લાભ મળવાપાત્ર છે. કારણ કે આગોતરા જામીન માટે અરજી કરવામાં આવે ત્યારે તે ગુનેગાર સાબિત થયેલો હોતો નથી. અને ના. સુપ્રિમકોર્ટે ઠરાવ્યું કે કલમ 69 હેઠળ કમિશ્નરે કોઇ વ્યકિતની ધરપકડ માટે આદેશ પસાર કરેલ હોય ત્યારે તે આદેશ તે વ્યકિતને બજાવવો ફરજિયાત છે. કારણ કે તેવી બજવણી કર્યા વગર કોઇ વ્યકિતની ધરપકડ થઇ શકે નહીં. એમ જણાવી કમિશ્નરને કલમ 69 હેઠળનો આદેશ માન્ય સંદેશા વ્યવહારની રીતે બજાવવા ફરમાવ્યું કે જેથી આરોપી, તેને મળેલ સલાહ અનુસાર, કાયદા હેઠળ મળવાપાત્ર રાહત મેળવવા કાર્યવાહી કરી શકે.

## ઝોમેટોમાં કેશ ઓન ડિલીવરીથી ઓર્ડર કરનારાને એકસ્ટ્રા ચાર્જ ચુકવવો પડશે

**ફૂડ અને** સિલેક્ટેડ વસ્તુઓમાં સીઓડી પર રૂ. 21 સુધી વધારાની ચુકવણી કરવી પડશે

નવી દિલ્હી, તા. 12: ઓનલાઈન ફૂડ ડિલીવરી પ્લેટફોર્મ ઝોમેટો પરથી ફૂડ ઓર્ડર કરો છો અને કેશ ઓન ડીલિવરી વિકલ્પ પસંદ કરો છો, તો તમારે અલગથી ફી ચુકવવી પડશે. આ ઓર્ડર કરનારાને ઓર્ડરના મુલ્યમાં વધારો થઇ જશે, જે 21 રૂપિયા સુધીનો વધારો થશે. ઓર્ડર બિલમાં પે ઓન ડિલીવરી તરીકે દેખાતો નવો ચાર્જ, જ્યારે ગ્રાહકો ડિલીવરી સમયે તેમના ફૂડ ઓર્ડરને રોકડમાં ચુકવવાનું પસંદ કરે છે, ત્યારે લાગુ પડે છે. તમામ ઓર્ડરના અલગ અલગ ચાર્જ રહેશે.

પીટીઆઇના અહેવાલ અનુસાર આ ફી નક્કી કરવાનો ચોક્કસ આધાર અને તે ઓર્ડર વેલ્યુ, લોકેશન અથવા અન્ય પરિણામો જેવા પરિબળો સાથે સંબંધિત છે કે કેમ તે તાત્કાલિક જાણી શકાયું નથી. આ ઘટના વિકાસ એવા સમયે આવ્યો છે જ્યારે ફૂડ ડિલીવરી પ્લેટફોર્મ વિવિધ ફી સ્ટ્રક્ચર અને મુદ્રીકરણ મોડલ સાથે પ્રયોગો કરી રહ્યા છે.

કેશ ઓન ડિલીવરી ઓર્ડર પર નવી ફી ઉપરાંત, ઝોમેટો પ્લેટફોર્મ પહેલાથી જ ફૂડ ઓર્ડર પર પ્લેટફોર્મ ફી વસુલે છે. આ સાથે ડિલીવરી, પેકેજીંગ અને અન્ય ચાર્જ પણ ઓર્ડરના આધારે લાગુ પડે છે. ઝોમેટોની હરીફ સ્વિગી હાલમાં કેશ ઓન ડિલીવરી ઓર્ડર પર કોઇ અલગ ફી વસુલ કરી રહી નથી.

અત્રે ઉલ્લેખનીય છે કે, ઝોમેટો પ્લેટફોર્મ દરરોજ લગભગ 23થી 25 લાખ ફૂડ ઓર્ડર પર પ્રક્રિયા કરે છે. જો દરેક ઓર્ડરને કેશ ઓન ડિલીવરી માનવામાં આવે તો દરરોજ રૂ. 5ના ચાર્જથી કંપનીને દરરોજ રૂ. સવા કરોડની આસપાસ કમાણી થઇ શકે છે. આ ઉપરાંત, આ વર્ષની શરૂઆતમાં ઝોમેટોએ પ્લેટફોર્મ ફી પણ રૂ. 12.50થી વધારીને રૂ. 14.99 પ્રતિ ઓર્ડર કરી દીધી છે, તેના પર જીએસટી અલગ લાગુ થાય છે.

એક વિશ્લેષણમાં જાણવા મળ્યું હતું કે, ઇ-કોમર્સ અને ફૂડ ડિલીવરી કંપનો પ્લેટફોર્મ ફીથી વાર્ષિક રૂ. 3500થી 4000 કરોડની કમાણી કરી શકે છે.

## ફોર્ચ્યુન ઇન્ડિયામાં ટોપ-100માં 56 અબજોપતિની સંપત્તિ વધી, 31ની ઘટી

**અદાણી**-અંબાણીની સંપત્તિમાં રૂ. 1.41 લાખ કરોડનો ઘટાડો થયો

નવી દિલ્હી, તા. 12: ફોર્ચ્યુન ઇન્ડિયાએ દેશના ટોપ-100 અબજોપતિઓની જાહેર કરેલી યાદીમાં દેશના બે ટોચના અમીર અદાણી-અંબાણીની સંપત્તિમાં એક વર્ષમાં રૂ. 1.41 લાખ કરોડનો ઘટાડો નોંધાયો છે. આમ છતાં, મુકેશ અંબાણી પ્રથમ અને ગૌતમ અદાણી બીજા ક્રમે છે.

ટોપ-100માં સમાવિષ્ટ 30 ઉદ્યોગપતિઓની કુલ સંપત્તિમાં રૂ. 4.26 લાખ કરોડનો ઘટાયો થયો છે. જેમાં મુકેશ અંબાણી સંપત્તિમાં 82 હજાર કરોડ રૂપિયા અને ગૌતમ અદાણીની સંપત્તિમાં રૂ. 59 હજાર કરોડનો ઘટાડો થયો છે. બીજી તરફ, 56 ઉદ્યોગપતિઓની સંપત્તિમાં રૂ. 7.70 લાખ કરોડનો વધારો થયો છે. જ્યારે 31ની સંપત્તિમાં ઘટાડો થયો છે. એટલું જ નહીં, આ વર્ષે 13 લોકો પ્રથમ વખત ફોર્ચ્યુન ઇન્ડિયા ટોપ-100માં આવ્યા છે. સાવિત્રી જિન્દાલની સંપત્તિમાં એક લાખ કરોડનો વધારો થયો છે.

## ભારતની સોલર નિકાસો પર નવી ડ્યુટીને અમેરિકાની મંજૂરી: કુલ ટેરિફ 249 ટકાને પાર

**ભારતને** 123.04 ટકા એન્ટી-ડમ્પિંગ માર્જિન અને 126.09 ટકાનું કાઉન્ટરવેલિંગ ડ્યુટીનો સામનો કરવો પડી શકે

મુંબઈ, તા. 12: અમેરિકાએ ભારત, ઈન્ડોનેશિયા અને લાઓસથી થતી સોલર આયાત પર ઊંચા 'એન્ટી-ડમ્પિંગ' અને સબસિડી-વિરોધી (કાઉન્ટરવેલિંગ) શુલ્કને આખરી ઓપ આપ્યો છે. અમેરિકા દ્વારા આયાતને કારણે સ્થાનિક ઉદ્યોગને થયેલા નુકસાન અંગેના અંતિમ નિર્ણયની રાહ જોવાઈ રહી છે, ત્યાં સુધી ભારતને 123.04 ટકા એન્ટી-ડમ્પિંગ માર્જિન અને 126.09 ટકાનું કાઉન્ટરવેલિંગ ડ્યુટીનો સામનો કરવો પડી રહ્યો છે.

અમેરિકાએ ભારત, ઈન્ડોનેશિયા અને લાઓસથી આયાત થતા સોલર સેલ અને પેનલ્સ પર ભારે નવી જકાત (ડ્યુટી) લાદી છે; જેમાં ભારતીય સોલર ઉત્પાદનો પર 120 ટકાથી વધુની એન્ટી-ડમ્પિંગ અને કાઉન્ટરવેલિંગ ડ્યુટી લાદવામાં આવી છે. આ નિર્ણયને કારણે ભારતીય ઉત્પાદકો માટે અમેરિકામાં સોલર ઉત્પાદનોનું વેચાણ કરવું નોંધપાત્ર રીતે મોંઘું બની શકે છે. રોઇટર્સના અહેવાલ મુજબ, આ પગલું એવા આક્ષેપોને પગલે લેવામાં આવ્યું છે કે આ ત્રણ દેશોની કંપનીઓએ અમેરિકામાં સોલર ઉત્પાદનો અયોગ્ય રીતે નીચા ભાવે વેચ્યા હતા અને સરકારી સબસિડી મેળવી હતી, જેનાથી તેમને અમેરિકન ઉત્પાદકોની સરખામણીમાં લાભ મળ્યો હતો. અમેરિકાના વાણિજ્ય વિભાગ દ્વારા જાહેર કરાયેલા અંતિમ દરો હેઠળ, ભારત પર 123.04 ટકા એન્ટી-ડમ્પિંગ ડ્યુટી અને 126.09 ટકા કાઉન્ટરવેલિંગ ડ્યુટી લાદવામાં આવી છે. ઈન્ડોનેશિયાને 94.36 ટકા એન્ટિ-ડમ્પિંગ માર્જિન, જેમાં કાઉન્ટરવેલિંગ ડ્યુટી 73.2 ટકા થી 173.07 ટકા સુધીની છે. લાઓસ 65.43 ટકા એન્ટિ-ડમ્પિંગ માર્જિન અને 82.03 ટકા થી 153.67 ટકાની વચ્ચે કાઉન્ટરવેલિંગ ડ્યુટીનો સામનો કરી રહ્યું છે. આ તપાસ એલાયન્સ ફોર અમેરિકન સોલાર મેન્યુફેક્ચરિંગ એન્ડ ટ્રેડ દ્વારા શરૂ કરવામાં આવી હતી, જે ફર્સ્ટ સોલાર, હેનવા ક્યુસેલ્સ અને મિશન સોલાર એનર્જી સહિત મુખ્ય યુએસ સોલાર ઉત્પાદકોનું પ્રતિનિધિત્વ કરે છે. ગઠબંધનનો દલીલ છે કે સબસિડી અને ડમ્પ્ડ આયાત યુનાઇટેડ સ્ટેટ્સમાં રોકાણ અને ઉત્પાદન ક્ષમતાને જોખમમાં મૂકે છે.

આ કાર્યવાહી ચીનના સોલર મેન્યુફેક્ચરિંગના ત્રીજા દેશોમાં સ્થાનાંતરણને રોકવાના વ્યાપક યુએસ પ્રયાસનો એક ભાગ છે.

### સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૫૭૮૨૦ |
| તેજાબી સોનું | ૧૫૭૮૩૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૪૯૯૩૦ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૫૪૬૬૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૫૭૮૨૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૩૭૮૦૦ |
| ચાંદી સિક્કા | ૨૩૯૩૦૦ |

### જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૫૫૦૦ |
| એમ-૩૦ | ૫૫૦૦ |
| એસ-૩૦ | ૫૪૦૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૫૨૦૦ |
| એસ-૩૦ | ૫૧૦૦ |

### યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ) નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ '' | ૧૫૦ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૩૦૧.૩૫ | ૫૦/૩૬ '' | ૧૫૭ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૭૭.૫ |
| ૩૦/૩૬ એફડી | ૩૦૮.૭૫ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૭૭ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૫૭ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૬૮.૫ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૬૨ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૨૧૩.૫ |
| ૬૮/૩૬ | ૧૬૫.૫ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૬૯.૫ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૬૬.૫ | ૧૦૦ ટેક્ષ | ૧૬૧ | ૬૮ ક્રિમ્પ | ૧૬૬.૫ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૫૧.૫ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૬૬.૫ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૬૨.૫ | ૮૦/૭૨ રોટો | ૧૭૨.૫ | ૭૫ ક્રિમ્પ | ૧૬૫.૫ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ ફોલ્ડર | ૭૭.૫ | ૮૦ ક્રિમ્પ | ૧૬૩ |
| ૮૦/૭૨ રોટો. | ૧૬૭.૫ | ૧૬૦ ડીસ્કેટ | ૧૭૭.૫ | ૮૦/૭૨ રોટો | ૧૬૮.૫ |
| ૮૦/૩૬ રોટો. | ૧૬૮.૫ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૬૦ | ૮૦/૧૦૮ '' | ૧૭૦ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૬૭.૫ |

## સેબીનો CAS, ડેરિવેટિવ્ઝ સેટલમેન્ટ અને સમયમાં મહત્વના ફેરફારોનો પ્રસ્તાવ

CAS ટ્રાન્ઝિશનના સમયને ઘટાડીને માત્ર એક મિનિટ કરી શકે

**3 ઓક્ટોબર**, 2026 સુધીમાં જાહેર અભિપ્રાયો મંગાવાયા

મુંબઈ, તા. 12: સેબીએ ક્લોઝિંગ ઓક્શન સેશન (CAS), ડેરિવેટિવ્ઝ સેટલમેન્ટ અને સમયમાં સાત મહત્વના ફેરફારોનો પ્રસ્તાવ મૂક્યો છે. નિયમનકારે CAS દરમિયાન હાલમાં દર્શાવવામાં આવતા ઇન્ડિકેટિવ ઇન્ડેક્સ વેલ્યૂને દૂર કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે, જે ઇન્ડિકેટિવ ઇક્વિલિબ્રિયમ પ્રાઇસ (IEP) પર આધારિત છે.

સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા (SEBI) એ 'ક્લોઝિંગ ઓક્શન સેશન' (CAS) દરમિયાન તરલતા, પારદર્શિતા અને ભાવ નિર્ધારણ પ્રક્રિયાને વધુ મજબૂત બનાવવાના ઉદ્દેશ્ય સાથે એક ચર્ચા પત્રમાં સાત મહત્વપૂર્ણ પ્રસ્તાવો રજૂ કર્યા છે. આ અંગે 3 ઓક્ટોબર, 2026 સુધી જાહેર અભિપ્રાયો મંગાવવામાં આવ્યા છે.

સેબી (SEBI) એ ડેરિવેટિવ્ઝ કોન્ટ્રાક્ટ્સના સેટલમેન્ટ પ્રાઈસની ગણતરી માટે બે વિકલ્પો સૂચવ્યા છે. વિકલ્પ ૧ હેઠળ, કિંમત નક્કી કરવા માટે 'કન્ટિન્યુઅસ ટ્રેડિંગ સેશન' (CTS) અને 'CAS ટ્રેડ્સ'ના સંયોજનનો ઉપયોગ કરવામાં આવશે.

વિકલ્પ ૨ માં ઓછામાં ઓછા એક વર્ષ સુધી માત્ર CTS-આધારિત સેટલમેન્ટ પદ્ધતિ ચાલુ રાખવાનું સૂચન છે, ત્યારબાદ તેમાં CAS-આધારિત ઇનપુટ્સનો સમાવેશ કરી શકાય છે.

**CAS દરમિયાન કોઈ સૂચક સૂચકાંક મૂલ્ય નહીં**

નિયમનકારે CAS (ક્લોઝિંગ ઓક્શન સેશન) દરમિયાન હાલમાં દર્શાવવામાં આવતા 'સૂચક સૂચકાંક મૂલ્ય'ને દૂર કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે; આ મૂલ્ય 'સૂચક સંતુલન ભાવ' (IEP) પર આધારિત હોય છે. સમયના બે વૈકલ્પિક માળખાં સૂચવવામાં આવ્યા છે. વિકલ્પ 'A' મુજબ, CAS માટે પાત્ર શેરોનું ટ્રેડિંગ બપોરે 3:30 વાગ્યા સુધી ચાલશે, ત્યારબાદ 3:31 થી 3:40 વાગ્યા સુધી CAS ચાલશે અને ત્યારબાદ 3:45 વાગ્યા સુધી F|O ટ્રેડિંગ થશે.

વિકલ્પ 'B' માં સ્ટોક ટ્રેડિંગ બપોરે 3:15 વાગ્યે સમાપ્ત કરવાનો, 3:15 થી 3:25 વાગ્યા સુધી CAS ચલાવવાનો અને 3:30 વાગ્યે F|O ટ્રેડિંગ પૂર્ણ કરવાનો પ્રસ્તાવ છે. SEBIએ CAS ટ્રાન્ઝિશનના સમયને વર્તમાન પાંચ મિનિટથી ઘટાડીને માત્ર એક મિનિટ કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે.

**CAS પછીની F&O વિન્ડોમાં ઘટાડો**

CAS પછીની F|O ટ્રેડિંગ વિન્ડોના સમયગાળાને 10 મિનિટથી ઘટાડીને પાંચ મિનિટ કરવાનો પ્રસ્તાવ છે.

**લિમિટ ઓર્ડર રદ કરવા પર નિયંત્રણો**

એવો પ્રસ્તાવ છે કે CAS દરમિયાન મૂકવામાં આવેલા એવા લિમિટ ઓર્ડર્સ, જે સંદર્ભ કિંમતના +/- 1% ની રેન્જની બહાર હોય, તેને સબમિટ કર્યા પછી રદ કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં. SEBIએ જણાવ્યું હતું કે આવા ઓર્ડર્સમાં માત્ર કિંમતમાં સુધારો કરવા માટે જ ફેરફાર કરી શકાશે.

**આઇસબર્ગ ઓર્ડર્સને લિમિટ ઓર્ડરમાં બદલવા**

અનએક્ઝિક્યુટેડ આઇસબર્ગ ઓર્ડર્સને નિયમિત, સંપૂર્ણ રીતે જાહેર કરાયેલ લિમિટ ઓર્ડર તરીકે CAS માં ખસેડવાની મંજૂરી આપવામાં આવશે.

સેબીએ જણાવ્યું હતું કે પ્રસ્તાવિત ફ્રેમવર્કનો હેતુ ક્લોઝિંગ ઓક્શન સત્રમાં લિક્વિડિટી, પારદર્શિતા અને ભાવ ડિસ્કવરીમાં સુધારો કરવાનો છે, જે લિસ્ટેડ સિક્યોરિટીઝ અને ડેરિવેટિવ્ઝ સેટલમેન્ટ માટે રેફરન્સ ક્લોઝિંગ કિંમત નક્કી કરે છે.

## બર્નાર્ડ આર્નોલ્ટ 2017 પછી પહેલીવાર વિશ્વના ટોચના 10 સૌથી અમીરોની યાદીમાંથી બહાર

**બર્નાર્ડ** આર્નોલ્ટની નેટવર્થ ઘટીને 143 અબજ યુએસ ડોલર થઇ

નવી દિલ્હી, તા. 12: ફ્રેન્ચ લક્ઝરી ગુડ્સ ટાયકૂન બર્નાર્ડ આર્નોલ્ટ વિશ્વની સૌથી અમીર લોકોની ટોચના 10ની યાદીમાંથી બહાર થઈ ગયા છે. હવે આ લિસ્ટમાં મોટે ભાગે અમેરિકન ટેક અબજોપતિઓ જ છે.

બ્લૂમબર્ગ બિલિયોનેર્સ ઇન્ડેક્સ અનુસાર, આર્નોલ્ટની નેટવર્થ ઘટીને 143 અબજ યુએસ ડોલર થઈ ગઈ છે, જેના કારણે એલવીએમએચના સ્થાપક 96 વર્ષીય બર્કશાયર હેથવે ઇન્ક.ના ચેરમેન વોરેન બફેટથી નીચે આવી ગયા છે. વેલ્થ ઇન્ડેક્સના 2012માં લોન્ચ થયા પછી આ પહેલીવાર છે જ્યારે ટોચના 10 સ્થાન તમામ અમેરિકન પાસે છે. એલન મસ્ક 918.8 અબજ યુએસ ડોલરની સંપત્તિ સાથે આ યાદીમાં સૌથી મોખરે છે, ત્યાર બાદ લેરી પેજ, જેફ બેઝોસ, સેર્ગેઈ બ્રિન અને માઈકલ ડેલ સહિતના ટેક કંપનીના ઉદ્યોગસાહસિકો છે.

વર્ષની શરૂઆતથી આર્નોલ્ટની સંપત્તિમાં ભારે ઘટાડો નોંધાયો છે, જેમાં 77 વર્ષીય આર્નોલ્ટની સંપત્તિમાં 65 અબજ યુએસ ડોલરનો ઘટાડો થયો છે, જે 500 સૌથી અમીરોમાં સૌથી વધુ છે. મધ્ય પૂર્વના યુદ્ધે તેમના વ્યવસાયોને સખત ફટકો માર્યો છે, જેના કારણે ફેશન પ્રદાતા ડિયોર, લુઈ વિટન અને ટિફનીથી લઈને હાઈ-એન્ડ આલ્કોહોલ જેમ કે ડોમ પેરિગ્નન શેમ્પેન અને હેનેસી કોગ્નેક સુધીની એલવીએમએચ બ્રાન્ડ્સ માટે દુબઈ જેવા શોપિંગ હબમાં માંગ ઓછી થઈ ગઈ છે.

### દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

**માથામાં ખોડો**

એક પ્રકારની ફૂગ છે. માથું અરીઠાથી ધૂઓ. Skinall ગોળી બે બે ગોળી ત્રણ વાર લેવી. માથે લગાડો.

### આજનું પંચાંગ

**તા. 13/09/2026, રવિવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વીર સંવત :** 2552 **માસ :** ભાદરવો
**તિથિઃ** સુદ બીજ 07:09 પછી ત્રીજ
**અયન :** દક્ષિણાયન **ઋતુ :** શરદ
**રાષ્ટ્રિય દિનાંક :** ભાદરવા: 22
**યોગ :** શુક્લ **કરણઃ** તૈતિલ
**નક્ષત્ર :** હસ્ત: 13:08
**રાશિઃ** કન્યા (પ.ઠ.ણ.) 25:29 પછી તુલા (ર.ત.)
**દિવસ :** શુભ - વરાહ જયંતી
**સુરતમાં સૂર્યોદય :** 06:26
**સુરતમાં સૂર્યાસ્ત :** 18:43 **નવકારસી :** 07:14
**પારસી વર્ષ :** 1396 ફરવરદીન માસનો 30મો રોજ
**મુસલમાન વર્ષ :** 1448, રબિઉલ આખર માસનો પ્રથમ રોજ
**દિવસનાં ચોઘડિયાંઃ** ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ
**રાત્રિનાં ચોઘડિયાંઃ** શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ
**રાહુ કાળ :** સાંજે : 16:30 થી 18:00 સુધી

### આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

**મેષ (અ,લ,ઇ,):** મોજ શોખ પાછળ ખર્ચા વધશે. વિજાતિય આવેગ સતાવશે. ખાવા-પીવા પર કંટ્રોલ રાખવો.

**વૃષભ (બ,વ,ઉ,):** રોમેન્ટીક મુલાકાત તથા પ્રવાસ થાય. મોજ-શોખના ધંદામાં આવક વધે. પ્રેમમાં સાથ મળે.

**મિથુન (ક,છ,ઘ,):** સામાજિક પ્રવૃત્તિ થાય. ઘરમાં નવા ફેરફાર થાય. બહારના કામનો બોજ વધે. પ્રવાસમાં ધીરજ રાખવી.

**કર્ક (ડ,હ,):** જીવન સાથી સાથે મનોરંજન પ્રવાસ થાય. શુભ સમાચાર મળે. બૌદ્ધિક કાર્યમાં સફળતા મળે.

**સિંહ (મ,ટ,):** મોજ-શોખ-ખાણી-પીણી હીરા-ઝવેરાત વગેરે ધંદામાં આવક વધે. ઘરમાં અવરજવર વધે.

**કન્યા (પ,ઠ,ણ,):** ક્રિએટીવ અને કાલ્પનિક બનશો. રંગીન રોમેન્ટીક મુકાત થાય. પ્રેમનો પ્રસ્તાવ મળી શકે છે.

**તુલા (ર,ત,):** બહારના ખાવા પર કંટ્રોલ રાખવો. ખર્ચા વધે. વિવાદ થાય. વિદેશના કામમાં પ્રગતિ થાય.

**વૃશ્ચિક (ન,ય,):** પુત્રી સંતાનથી શાંતિનો અનુભવ તાય વફાદાર વિજાતિય મિત્રોનો સાથ મળે. ઇર્ષાળુથી સાવધાન.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** સ્ત્રી વર્ગને ઉપયોગી ચીજ વસ્તુનાં વેપારમાં પ્રગતિ થાય. સમાજમાં સ્ત્રી વર્ગનો સાથ મલે. આવક વધે.

**મકર (ખ,જ,):** મિત્રો સાથે મનોરંજન થાય. નોકરી ધંદા માટે પ્રવાસ થાય. ઉચ્ચ શિક્ષણમાં નવી યોજના પાર પડે.

**કુંભ (ગ,સ,શ,ષ,):** પ્રવાસમાં કોઇની વાતોમાં આવવું નહીં. ચોર-લૂટારુંથી સાવધાન. ધાર્મિક પ્રવતિથી શાંતિ મળે.

**મીન (દ,ચ,ઝ,થ,):** ભાગીદારીની નવી યોજના પાર પડે તથા સંબંધો મજૂબત બને ઉંમર લાયકને યોગ્ય પાત્ર મળે.

### કોઈ પણ સાલમાં 13 સપ્ટેમ્બરે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું નવું વર્ષ સામાન્ય રહેશે. નવા વેપાર ધંધા- વ્યવસાયની યોનજામાં મિત્રો વડીલોના સાથ મળે. ટેકનોલોજીનો લાભ મળે. નોકરીમાં જવાબદારી સાથે સ્થાન ફેરથી અશાંતિ વધે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં સામાન્ય રહે. સમાજમાં માન વધે. પરિવાર કુટુંબની અપેક્ષા કાર્યબોજ વધારે સંતાનોના અભ્યાસ-કેરીયરમાં પ્રગતિ થાય. ઉંમરલાયકના વિવાહ થાય. વિદેશના કામમાં મદદ મળે વિદ્યાર્થીઓને તક મળે. પ્રેમ વિવાહમાં મદદ મળે.ઉગરાણી અને આરોગ્યના પ્રશ્નો સતાવે નવા ઘર વાહન, મકાનની યોજના પાર પડે. યાત્રા-પ્રવાસ ઘર્મ કર્મથી શાંતિ મળે. જૂન-જુલાઈ, રવિ સોમ-બુધવાર, 04, 13, 22, 31 તારીકે નવાં કામ કરવાં નીલા રંગનો ઉપયોગ વધારવો નવેમ્બર, ડિસેમ્બર, શનિ - શુક્રવાર, 07, 16, 25 તારીખે નવા કામ ટાળવાં. સફેદ રંગનો ઉપયોગ ટાળવો રાહુના ઉપાય કરતા રહેવું.


**ભારતીય ટેક્નોલોજી સંસ્થાન ખડગપુર**

આઈઆઈટી ખડગપુર નીચે દર્શાવેલ પદો માટે ભારતીય નાગરિકો પાસેથી ઓનલાઇન અરજીઓ મંગાવે છે:
જાહેરાત ક્રમાંકઃ R/12/2026 તારીખઃ 18 ઓગસ્ટ, 2026
પદઃ લાઇબ્રેરિયન
ઓનલાઇન અરજી કરવાની અંતિમ તારીખઃ 24 સપ્ટેમ્બર, 2026
જાહેરાત ક્રમાંકઃ R/11/2026 તારીખઃ 18 ઓગસ્ટ, 2026
પદઃ
(i) સિનિયર સોફ્ટવેર/સિસ્ટમ/નેટવર્ક એન્જિનિયર (ગ્રેડ-1)
(ii) સિનિયર સોફ્ટવેર/સિસ્ટમ/નેટવર્ક એન્જિનિયર (ગ્રેડ-II)
(iii) સોફ્ટવેર/સિસ્ટમ/નેટવર્ક એન્જિનિયર
ઓનલાઇન અરજી કરવાની અંતિમ તારીખઃ 24 સપ્ટેમ્બર, 2026

વિગતવાર માહિતી અને કોઈપણ અઘતન અપડેટ્સ માટે કૃપા કરીને મુલાકાત લોઃ http://www.iitkgp.ac.in/non-teaching-positions
cbc21255/11/0008/2627 કુલસચિવ / Registrar

**પાર્ટ ટાઇમ શિક્ષકોની કોન્ટ્રાક્ટ ધોરણે પસંદગી માટે વોક-ઇન ઇન્ટરવ્યુઃ સ્થળઃ રેલવે સેકન્ડરી સ્કૂલ (અંગ્રેજી માધ્યમ), વલસાડ તા. 18.09.2026ના રોજ સવારે 09:00 વાગ્યાથી.**

નોટિસ નંબરઃ E/SCH/890/I Vol X તારીખઃ 09.09.2026. રેલવે સેકન્ડરી સ્કૂલ (અંગ્રેજી માધ્યમ), વલસાડ ખાતે 18.09.2026ના રોજ સવારે 09:00 વાગ્યાથી પાર્ટ ટાઇમ શિક્ષકોની કોન્ટ્રાક્ટ ધોરણે પસંદગી માટે વોક-ઇન ઇન્ટરવ્યુ યોજાશે.

| | | |
|---|---|---|
| જગ્યાઓઃ | (1) TGT (હિન્દી) | (2) PRT (શારીરિક શિક્ષણ) |
| માનદ વેતનઃ | (1) TGT તમામ વિષયોનો સંયુક્ત માસિક પગાર રૂપિયા 26,250/- | |
| | (2) PRT તમામ વિષયોનો સંયુક્ત માસિક પગાર રૂપિયા 21,250/- | |
| નિયુક્તિ સમયગાળો | શૈક્ષણિક સત્ર 2026-27 | |
| તારીખ અને સમયઃ | 18.09.2026ના રોજ સવારે 09:00 વાગ્યાથી | |

યોગ્ય અને ઇચ્છુક ઉમેદવારોએ ઇન્ટરવ્યુ માટે રજિસ્ટ્રેશન કરાવવા 16.09.2026થી 17.09.2026 દરમિયાન સવારે 09:00થી બપોરે 12:00 વાગ્યાની વચ્ચે પ્રિન્સિપાલ, વેસ્ટર્ન રેલવે સેકન્ડરી સ્કૂલ (અંગ્રેજી માધ્યમ) વલસાડ, ગુજરાત (વેસ્ટ યાર્ડ રેલવે કોલોની) ખાતે રિપોર્ટ કરવાનો રહેશે. ઉમેદવારોને વિનંતી કરવામાં આવે છે કે, તેઓ રજિસ્ટ્રેશન સમયે જ સંબંધિત દસ્તાવેજો સાથે પોતાનું રેઝ્યૂમે રજૂ કરે. નોંધણી અને દસ્તાવેજોની ચકાસણી માટે ઉમેદવારે સ્વયં ઉપસ્થિત રહેવું ફરજિયાત છે. નોંધઃ નિયમો અને શરતો, અરજી ફોર્મ, શુદ્ધિપત્રક અને વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઇટ wr.indianrailways.gov.inની મુલાકાત લો.

WESTERN RAILWAY
wr.indianrailways.gov.in
0582
અમને લાઇક કરો : facebook.com/WesternRly | અમને ફોલો કરો : X.com/WesternRly

**જાહેર નિવિદા નં. ૧૮/૨૦૨૬-૨૭**

ગુજરાત રાજ્યના નામદાર રાજ્યપાલશ્રી વતી ડી.પી.આઇ.યુ. અને કાર્યપાલક ઈજનેર, ડાંગ પંચાયત (મા*મ) વિભાગ આહવાજિ. ડાંગ ફોન નં (૦૨૬૩૧) ૨૨૦ ૩૩૬ દ્વારા ડાંગ જિલ્લાના ન્યુ ગુજરાત પેટર્ન ૨૦૨૫-૨૬ અંતર્ગત નીચે મુજબના કામ માટે ઓનલાઈન ઈ-ટેન્ડરમાં જણાવ્યા મુજબના રજીસ્ટર્ડ ઈજારદારશ્રીઓ પાસેથી ભાવો માંગવામાં આવે છે. આ કામોની ઈ-ટેન્ડરની સંપૂર્ણ વિગતો વેબ સાઈટ "http://tender.nprocure.com" ઉપર થી જોવા મળશે.
(૧) જરૂરી દસ્તાવેજો સ્કેન કરીને મુકવાના રહેશે.
(૨) દરેક દસ્તાવેજોની હાર્ડ કોપી તથા ટેન્ડર ફી, એફ.ડી.આર., આર.પી.એડી. થી કાર્યપાલક ઇજનેરશ્રી ડાંગ પંચાયત (મા*મ) વિભાગ આહવાની કચેરી જિલ્લા પંચાયત ભવન આહવા-ડાંગને સબમીશનની છેલ્લી તારીખ થી દિન-૦૭ સુધીમાં પહોચતા કરવાના રહેશે.
(૩) સોલવંશી સર્ટિફીકેટ તાજેતરના કેલેન્ડર વર્ષ-૨૦૨૬નું માન્ય રાખવામાં આવશે.

| | | | |
|---|---|---|---|
| ઓનલાઇન ટેન્ડર જોવાની તારીખ | | ૧૫/૦૯/૨૦૨૬ | |
| ઓનલાઇન સબમીશનની છેલ્લી તારીખ અને સમય | | ૩૦/૦૯/૨૦૨૬, ૧૮.૦૦ કલાક | |
| બીડ ખોલવાની તારીખ | | ૩૦/૦૯/૨૦૨૬, ૧૮.૧૦ કલાક | |
| ક્રમ | કામનું નામ | રકમ રૂ. લાખમાં | ટેન્ડર ફી |
| ૧ | ટાંકલીપાડા (પીપલાઇદેવી) ગામે ક્વાડીયા ગઢ પાસે બોકસ કલવર્ટનું કામ | ૬૪.૧૭ | ૨૪૦૦ |

ક્રમાંકઃ માહિતી/ડાંગ/૯૭/૨૦૨૬